સ્ટેશન ઊંચી ટાંકી (ઓલ્ડ) ઉતારી લેવા માટે પ્રાઇઝ-ઓફર આપવા બાબતે જરૂરી શરતો નીચે મુજબ છે.

<u>કામોની વિગત:</u>

(૧) સ્ટેશન ઊંચી ટાંકી (ઓલ્ડ) ઉતારી લેવા અંગે જાહેરાત પ્રસિધ્ધ કરી ભાવો મંગાવેલ હોય તે બાબત

---

<u>ઉપરોક્ત કામો માટેની જરૂરી શરતો:</u>

(૧) ભરૂચ નગરપાલિકા, ભરૂચ દ્વારા સ્ટેશન વિસ્તારમાં આવેલ ઊંચી ટાંકી (ઓલ્ડ) અને ઊંચી ટાંકી (ન્યુ) ના પાઇપલાઇન જોડાણ અંગેની કામગીરી કરવાની થાય છે. જે કામગીરી પુર્ણ થયા બાદ જ જુની ઊંચી ટાંકી ઉતારવાની કામગીરી કરી શકાશે.

(૨) સ્ટેશન વિસ્તારમાં આવેલ ઊંચી ટાંકી (ઓલ્ડ) ને ઉતારવાની કામગીરી મેન્યુઅલ કરવાની રહેશે. ઉપરથી નીચે તરફ મેન્યુઅલી ટાંકી બ્રેક કરતાં કરતાં નીચે તરફ આવવાનું રહેશે. આ કામગીરીમાં સેફ્ટીના તમામ સાધનો રાખવાના રહેશે. ઊંચી ટાંકી (ઓલ્ડ) ને ઉતારવાની કામગીરીમાં કોઈ પણ પ્રકારની ઉતાવળ રાખવાની રહેશે નહીં.

(૩) સ્ટેશન વિસ્તારમાં આવેલ ઊંચી ટાંકી (ઓલ્ડ) ને ઉતારવાની કામગીરી દરમિયાન કોઈ પણ પ્રકારના નુકશાન અંગેની તમામ પ્રકારની જવાબદારી ઊંચી ટાંકી ઉતારવાની કામગીરી કરનાર કોન્ટ્રાકટર/એજન્સીની રહેશે.

(૪) સ્ટેશન વિસ્તારમાં આવેલ ઊંચી ટાંકી (ઓલ્ડ) ને ઉતારવાની કામગીરી દરમિયાન કોઈ પણ પ્રકારની જાનહાનિ થાય, માલ મિલકતને નુકશાન થાય, અન્ય કોઈ સરકારી/અર્ધસરકારી/ખાનગી કોઈ પણ પ્રકારની મિલકતને નુકશાન થાય તો તે અંગેની તમામ પ્રકારની જવાબદારી તેમજ જો કોઈ સંજોગોમાં વળતર ચૂકવવાનું થાય તો તે જવાબદારી ઊંચી ટાંકી ઉતારવાની કામગીરી કરનાર કોન્ટ્રાકટર/એજન્સીની રહેશે.

(૫) સ્ટેશન વિસ્તારમાં આવેલ ઊંચી ટાંકી (ઓલ્ડ) ની પાણી વિતરણ અંગેની મુખ્ય લાઇનના મુખ્ય વાલ્વને કોઈ પણ પ્રકારનું નુકશાન ન થાય તે મુજબ કામગીરી કરવાની રહેશે. મુખ્ય લાઇનની આજુબાજુ કોઈ પ્રકારનું ટાંકીનું સ્ટ્રક્ચર હોય અને તેનાથી મુખ્ય વાલ્વ કે પાઇપલાઇન તેમજ પાણી વિતરણ વ્યવસ્થાને નુકશાન પહોંચે એમ જણાય તો એ સ્ટ્રક્ચર કાઢવાનું રહેશે નહીં. સમગ્ર ટાંકીની સાઈટ ફરતે પતરાની આડશ ઉભી કરવાની રહેશે.

(૬) સમગ્ર કામગીરી ભરૂચ નગરપાલિકાના દિશા નિર્દેશ મુજબ કરવાની રહેશે.

(૭) ઊંચી ટાંકી (ઓલ્ડ) માથી નીકળનાર તમામ પ્રકારનો લોખંડ/ભંગાર મિકેનીકલ એંજીનીયરશ્રીની સંમતી બાદ જ સાઇટ પરથી હટાવવાનો રહેશે. તમામ માલસામાનની કાંટા પાવતી અત્રેની કચેરી ખાતે ઊંચી ટાંકી ઉતારવાની કામગીરી કરનાર કોન્ટ્રાકટર/એજન્સી દ્વારા જમા કરાવવાની રહેશે.

(૮) ભરૂચ નગરપાલિકાની સૂચના મુજબ ઉપરોક્ત કામોના ઇન્સ્યુરન્સ કરાવવાના રહેશે તેમજ સુચના મુજબ જો વધારાની ડિપોઝિટ જમા કરવવાની થાય તો તે પણ જમા કરાવવાની રહેશે.

(૯) કોઈ પણ કિસ્સામાં/કામગીરી દરમિયાન નગરપાલિકાનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

(૧૦) કોઈ પણ પ્રકારની તકરાર માટે ન્યાયક્ષેત્ર ભરૂચ રહેશે.

(૧૧) સબમિટ કરવામાં આવનાર ઓફર/ભાવો ઓપન કરતા પહેલા દરેક એજન્સીને લેખિતમાં અત્રેથી જાણ કરવામાં આવશે. દરેક એજન્સી દ્વારા ઉપરોક્ત શરતો માન્ય હોઈ એ મુજબના સંમતિ પત્ર સાઈન કરવાના રહેશે. જે બાદ જ જે તે એજન્સી/કોન્ટ્રાકટર ના ઓફર/ભાવો ઓપન કરવામાં આવશે. એજન્સી દ્વારા બંધ કવરમાં ઓફર/ભાવો સાથે એજન્સીનો GST નંબર, ફોર્મ ૩ (a) , અનુભવના પ્રમાણપત્રો બિડાણ કરવાના રહેશે.

(૧૨)કામની સમયમર્યાદા ૦૪ માસની રહેશે. જે એજન્સી દ્વારા સૌથી વધુ ભાવ ભરવામાં આવશે/ભાવની ઓફર આપવામાં આવશે માત્ર એ જ એજન્સી સાથે નેગોશીએટ કરી આગળની કાર્યવાહી કરવામાં આવશે. જે એજન્સીને અત્રેની કચેરી દ્વારા ઉપરોક્ત કામ અંગેનો વર્ક ઓર્ડર આપવામાં આવે એ એજન્સી દ્વારા કામ શરૂ કરતા પૂર્વે અત્રેની કચેરી દ્વારા જણાવવામાં આવનાર રકમ તેમજ પ્રકારનો ઇન્સ્યુરન્સ એજન્સી દ્વારા રજુ કરવાનો રહેશે.

(સહી/-)

મુખ્ય અધિકારી

ભરૂચ નગરપાલિકા

CHIEF OFFICER BHARUCH NAGARPALIKA BHARUCH. મુખ્ય અધિકારી ભરૂચ નગરપાલિકા, ભરૂચ.